# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદી અને છત્તીસગઢમાં બે માઓવાદી ઠાર

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહારાષ્ટ્રનાં રાયગઢમાં છત્રપતિ શિવાજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી

3) દિગ્ગજ કથ્થક નૃત્યાંગના પદ્મવિભૂષણ કુમુદિની લાખિયાનું 95 વર્ષની જૈફ વયે અમદાવાદમાં નિધન

4) 30 દિવસથી વધુ સમયથી અમેરિકામાં રહેતા તમામ વિદેશી નાગરિકોએ ફરજિયાત નોંધણી કરાવવી પડશે

5) IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ લખનઉ સુપર જાયન્ટ્સ સામે અને પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમશે

.....................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# J&K - ENCOUNTER

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચતરુ જંગલ વિસ્તારમાં ચાલી રહેલી અથડામણમાં  સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે.

ઉલ્લેખનીય છે કે ઘટના સ્થળેથી મોટાં જથ્થામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. શુક્રવારે શરૂ થયેલી આ અથડામણ હજુ પણ ચાલુ છે. દરમિયાન, જમ્મુના પર્વતીય વિસ્તારોમાં આતંકવાદીઓની હિલચાલ પર નજર રાખવા માટે સુરક્ષા દળોએ ડોડા જિલ્લાના ભદરવાહમાં તકેદારી વધારી દીધી છે.

# CHHATTISGARH - MAOISTS KILLED

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે.

સુરક્ષા કર્મચારીઓની એક સંયુક્ત ટુકડી ઇન્દ્રાવતી જંગલ વિસ્તારમાં નક્સલ વિરોધી કાર્યવાહી કરી રહી હતી તે સમયે માઓવાદીઓ સાથે અથડામણ થઈ હતી. આ અથડામણમાં માર્યા ગયેલા બંને નક્સલીઓના મૃતદેહ સુરક્ષા દળોએ કબજે કર્યા છે. વિસ્તારમાં હજુ પણ શોધ અભિયાન ચાલુ છે.

# AMIT SHAH – MAHA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના ઐતિહાસિક રાયગઢ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની 345મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. સમાધિ સ્થળના જીર્ણોદ્ધારનાં શતાબ્દી સમારોહમાં સંબોધન પણ કર્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી આજે સાંજે મુંબઈમાં એક ગુજરાતી સાપ્તાહિકની 75મી વર્ષગાંઠની ઉજવણીમાં હાજરી આપશે.

# PM - HANUMAN JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આજે હનુમાન જયંતિની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે સંકટમોચન ભગવાન હનુમાનના આશીર્વાદથી, દરેક વ્યક્તિ જીવનમાં સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રહે.

# KUMUDINI LAKHIA

દિગ્ગજ કથ્થક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું 95 વર્ષની જૈફ વયે આજે સવારે અમદાવાદમાં અવસાન થયું છે.ભારતીય શાસ્ત્રીય નૃત્યનાં સ્વરૂપ 'કથક'માં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર વિદુષી કુમુદિની લાખિયાએ જીવનભર અદમ્ય ઊર્જા સાથે નૃત્ય ક્ષેત્રે સર્જન કર્યું હતું. નૃત્ય ક્ષેત્રમાં તેમનાં અપ્રતિમ પ્રદાનને બિરદાવતા ભારત સરકારે તેમને આ વર્ષે પદ્મ વિભૂષણ પુરસ્કાર જાહેર કર્યો હતો

સ્વર્ગસ્થ કુમુદિની લાખિયાએ 1967માં અમદાવાદ ખાતે ભારતીય નૃત્ય અને સંગીતની સંસ્થા, કદમ્બ સ્કૂલ ઓફ ડાન્સ એન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી. આજે બપોરે અમદાવાદમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

# TELANGANA - TREE MAN

તેલંગાણામાં ટ્રી-મેન તરીકે જાણીતા પદ્મશ્રી ડૉ. રામૈયાનું આજે ખમ્મકમ જિલ્લાના રેડ્ડી પલ્લી ખાતે અવસાન થયું છે.

શ્રી રામૈયા છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. શ્રી રામૈયાને પર્યાવરણ સંરક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પદ્મશ્રી થી નવાજવામાં આવ્યા હતા. તેમણે પોતાના જીવનકાળમાં એક કરોડથી વધુ વૃક્ષો વાવ્યા હતા. તેલંગાણા સરકારે તાજેતરમાં જ તેમની જીવનકથાને ધોરણ 6 માં સમાવેશ કર્યો છે.

શ્રી રમૈયાના નિધન પર તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી સહિત અનેક મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો છે.

# ALAKNANDA CAR INCIDENT

ઉત્તરાખંડના દેવપ્રયાગ નજીક સર્જાયેલી દુર્ઘટનામાં હરિદ્વારથી એક પરિવારને લઈ જતી એક કાર શનિવારે 300 મીટર ઊંડી ખીણમાં ગબડીને અલકનંદા નદીમાં ડૂબી જતાં બે બાળકો સહિત પાંચ વ્યક્તિનાં મૃત્યુન આશંકા છે. કાર પવિત્ર ધારી દેવી મંદિર તરફ જઈ રહી હતી ત્યારે આ દુર્ઘટના બની હતી. એક મહિલાને ઘટનાસ્થળેથી બચાવી લેવામાં આવ્યા છે.

પ્રારંભિક અહેવાલ અનુસાર, ભોગ બનેલાંઓ હરિદ્વાર જિલ્લાના રુડકીના એક પરિવારના હતા. સ્થાનિક પોલીસ અને આપત્તિ પ્રતિભાવ ટૂકડીએ એક મહિલાને બચાવી લીધી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FM - AUSTRIA

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે ભારતીય સમુદાયના ઉત્થાન માટે અનેક પગલાં લીધાં છે જેથી વિવિધ દેશો સાથે ભારતના સંબંધો સારા બને.

ઉલ્લેખનીય છે કે તેમણે ગઈકાલે ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં ભારતીય સમુદાયને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી. સુશ્રી સીતારમણે કહ્યું કે ભારતીય મૂળના લોકોએ ઑસ્ટ્રિયાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે સ્ટાર્ટઅપ્સ, ફિનટેક, ગ્રીન ટેકનોલોજી અને શહેરી પરિવહન ક્ષેત્રોમાં સહયોગની ઘણી સંભાવનાઓ છે.

નાણામંત્રીએ વિયેનામાં યુરોપિયન અને આંતરરાષ્ટ્રીય બાબતોના મંત્રીને પણ મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, સુશ્રી સીતારમણે કહ્યું કે મુલાકાત દરમિયાન બંને નેતાઓએ બંને દેશો વચ્ચેના પરસ્પર સંબંધોમાં તાજેતરના વિકાસ પર ચર્ચા કરી. બંને નેતાઓએ નવીનતા, કૃત્રિમ બુદ્ધિમત્તા, માળખાગત સુવિધા, પ્રદૂષણમુક્ત ટેકનોલોજી અને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. બંને પક્ષો વચ્ચે પરસ્પર હિતના વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ.

# US ALIEN ACT

અમેરિકામાં વસતા વિદેશીઓ માટે ચિંતાજનક ઘટનાક્રમમાં વ્હાઇટ હાઉસે જાહેરાત કરી છે કે 30 દિવસથી વધુ સમયથી દેશમાં રહેતા તમામ વિદેશી નાગરિકોએ સરકાર સાથે નોંધણી કરાવવી પડશે અથવા દંડ, કેદ અને દેશનિકાલ સહિત કડક સજાનો સામનો કરવો પડશે.

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક નિવેદનમાં જણાવ્યું કે, એલિયન રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધણી કરવાની સમયમર્યાદા 11 એપ્રિલ હતી.

નવા નિયમ હેઠળ, વિઝા ધારકો અને કાયદેસર કાયમી રહેવાસીઓ સહિત વિદેશી નાગરિકોએ નોંધણીનો પુરાવો સાથે જ રાખવો પડશે. આ નિયમ અમેરિકામાં 30 દિવસથી વધુ સમય સુધી રહેનારી વ્યક્તિઓને લાગુ પડે છે અને તેમાં નવા આવેલા વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બપોરે સાડા ત્રણ વાગે લખનઉમાં ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ સુપર જાયન્ટ્સ સામે થશે, જ્યારે સાંજે સાડા સાત વાગે હૈદરાબાદમાં પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમશે.

દરમ્યાન ગઇકાલે ચેન્નાઈમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો.

કોલકાતા નાઈટ રાઈડર્સે 11મી ઓવરમાં જ વિજયી લક્ષ્ય હાંસલ કરી લીધું. ઓપનર સુનીલ નારાયણે 18 બોલમાં 44 રન બનાવ્યા. સુનીલ નારાયણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યાં હતા.

# ARCHERY WORLD CUP

તીરંદાજીમાં ભારતની મિશ્ર કમ્પાઉન્ડ ટીમે તીરંદાજી વિશ્વ કપ સ્ટેજ 1 માં પોતાનો ત્રીજો  ચંદ્રક મેળવ્યો છે. જ્યોતિ સુરેખા વેન્નમ અને ઋષભ યાદવની ટીમે અમેરિકાના અર્બન્ડેલમાં સ્લોવેનિયાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતીય જોડીએ ગઇકાલે સેમિફાઇનલમાં સ્લોવેનિયાના ટોજા એલિસન અને ટિમ ઝ્વેસ્નિકને 159-155થી હરાવ્યા હતા. ભારતની મિશ્ર કમ્પાઉન્ડ ટીમ આજે ટાઇટલ મુકાબલામાં ચાઇનીઝ તાઇપેઈ સામે ટકરાશે.

# LADAKH - APRICOT BLOSSOM FESTIVAL

લદ્દાખમાં, એપ્રિકોટ એટલે જરદાળુ બ્લોસમ ફેસ્ટીવલ 2025ની ગઈ કાલે શરૂઆત થઈ. ચુલી મેન્ડોક તરીકે જાણીતા આ મહોત્સવનું ઉદ્ઘાટન કારગિલના સંજક ગામમાં થયું હતું. આ ઉજવણીમાં રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા, જેમાં સ્થાનિક કલાકારો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ભાગ લીધો હતો.

એપ્રિકોટ બ્લોસમ ફેસ્ટિવલ 21 એપ્રિલ સુધી ચાલુ રહેશે, જે મુલાકાતીઓને પ્રદેશની કુદરતી સુંદરતા અને પરંપરાગત જીવનશૈલીની ઝલક આપશે.

# ANIMAL DISEASE

સમગ્ર યુરોપમાં ફુટ-એન્ડ-માઉથ રોગ ફાટી નીકળતા બ્રિટને યુરોપિયન યુનિયનનાં તમામ દેશોમાંથી માંસ અને ડેરી પ્રોડક્ટ્સની વ્યક્તિગત આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. આજથી બ્રિટનમાં પ્રવેશતા મુસાફરો વ્યક્તિગત ઉપયોગ માટે તમામ ઇયુ દેશોમાંથી ઢોર, ઘેટાં, બકરી, ડુક્કરનું માંસ અને ડેરી ઉત્પાદનો લાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

ફુટ એન્ડ માઉથ રોગ પશુનાં પગની ખરીમાં થતો વિષાણુજન્ય રોગ છે, જે ગાય, ભેંસ, બકરી, સુવર, ઉંટ, હરણ જેવા પ્રાણીઓને અસર કરે છે.